www.kamalamgujarat.com

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

Thursday
12.11.2020
✳Volume :5 ✳ Issue No. 88

Email.: kamalamgujarat@gmail.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)



# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

GUJGUJ/2016/73451

✳Managing Editor: Arjun Sondarva ✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

## પ્રધાનમંત્રી ૧૩ નવેમ્બર ૨૦૨૦ના રોજ જામનગર અને જયપુરમાં ભવિષ્ય માટે તૈયાર એવી બે આયુર્વેદ સંસ્થાઓનું ઉદ્ઘાટન કરશે



કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી જામનગરમાં આયુર્વેદમાં અધ્યાપન અને સંશોધન સંસ્થા (આઈટીઆરએ) અને જયપુરમાં રાષ્ટ્રીય આયુર્વેદ સંસ્થા (એનઆઈએ) નું ઉદ્ઘાટન ૫મા આયુર્વેદ દિવસ (એટલે કે) ૧૩ નવેમ્બર, ૨૦૨૦ના રોજ વિડિયો કોન્ફરન્સના માધ્યમથી કરશે. આ સંસ્થાઓ ૨૧મી સદીમાં આયુર્વેદની વૃદ્ધિ અને વિકાસમાં વૈશ્વિક નેતૃત્વની ભૂમિકા ભજવશે તેવી અપેક્ષા છે. ધનવંતરી જયંતિના દિવસે ૨૦૧૬થી દર વર્ષે આયુર્વેદ દિવસ ઉજવવામાં આવે છે. આ વર્ષે તે ૧૩ નવેમ્બર ૨૦૨૦ના રોજ ઉજવાશે. આયુર્વેદ દિવસ એક ઉત્સવ અથવા ઉજવણી કરતાં વ્યવસાય તથા સમાજને ફરીથી સમર્પિત થવાનો પ્રસંગ છે. આ વર્ષના 'આયુર્વેદ દિવસહ્ન ની ઉજવણી કોવિડ-૧૯ રોગચાળાના સંચાલનમાં આયુર્વેદની સંભવિત ભૂમિકા પર કેન્દ્રિત હશે. ભારતના જાહેર આરોગ્ય પડકારો માટે અસરકારક અને પરવડે તેવા ઉપાયો પ્રદાન કરવા માટે આરોગ્ય સંભાળની આયુષ પ્રણાલીની અપાર બિન-ઉપયોગી સંભાવનાનો ઉપયોગ એ સરકારની અગ્રતા છે. પરિણામે, આયુષ શિક્ષણનું આધુનિકીકરણ એ પણ એક અગ્રતા છે. છેલ્લા ૩-૪ વર્ષમાં આ માટે અનેક પગલાં લેવામાં આવ્યા છે. રાષ્ટ્રને સમર્પિત જામનગરમાં આઈટીઆરએ રાષ્ટ્રીય મહત્વના દરજ્જાની સંસ્થા તરીકે અને જયપુરમાં એનઆઈએ, ડીમ્ડ ટુ બી યુનિવર્સિટી, ફક્ત આયુર્વેદ શિક્ષણના આધુનિકીકરણમાં જ નહીં, પરંતુ પરંપરાગત દવાઓના ઉત્ક્રાંતિમાં પણ ઐતિહાસિક પગલું છે. જે તેમને આયુર્વેદ શિક્ષણના ધોરણને અપગ્રેડ કરવાની સ્વાયતતા પ્રદાન કરશે, ઉભરતી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય માંગ મુજબ વિવિધ અભ્યાસક્રમો બનાવશે અને વધુમાં વધુ પુરાવા પેદા કરવા માટે અને આધુનિક સંશોધન માટે ઉત્તમ બનાવશે.

## રાષ્ટ્રીય પોષણ માહ- ૨૦૨૦ અંતર્ગત યોજાયેલ વાનગી હરિફાઈમાં રાજ્ય કક્ષાએ વિજેતા બનેલા સ્પર્ધકોનું મંત્રી શ્રી ગણપતસિંહ વસાવાના હસ્તે સન્માન









કમલમ દૈનિક, ગાંધીનગર

સમગ્ર રાજયમાં સપ્ટેમ્બર મહિનામાં રાષ્ટ્રીય પોષણ માહ-૨૦૨૦ ની ઉજવણી કરવામાં આવી હતી. આ પોષણ માહની ઉજવણી દરમ્યાન રાજયના તમામ જિલ્લામાં વાનગી હરિફાઇ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં વિજેતા બનેલા સ્પર્ધકોને આજરોજ મહિલા – બાળ વિકાસ મંત્રી શ્રી ગણપતસિંહ વસાવાના હસ્તે ચેક વિતરણ કરવામાં આવ્યા હતા. તેમજ મંત્રીશ્રીના હસ્તે ટેક હોમ રેશનમાંથી બનતી વાનગીઓ માટે બનાવેલ ફિલ્મની સીડીનું લોકાર્પણ પણ કરવામાં આવ્યું હતું. સમગ્ર ગુજરાતમાં સપ્ટેમ્બર માસ દરમ્યાન રાષ્ટ્રીય પોષણ માહ-૨૦૨૦ની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી દરમ્યાન રાજયના તમામ જિલ્લાઓ અને મહાનગરપાલિકા વિસ્તારમાં વાનગી હરિફાઇનું અનોખું આયોજન કરવામાં આવ્યું હતું. દરેક જિલ્લા અને મહાનગરપાલિકા વિસ્તારમાંથી ૧૦ વાનગીની પસંદગી કરીને રાજય કક્ષાની સ્પર્ધા માટે મોકલવામાં આવી હતી. સમગ્ર રાજયમાંથી કુલ- ૩૯૦ સ્પર્ધકોની વાનગીની રાજય કક્ષામાંની સ્પર્ધા માટે પસંદગી કરવામાં આવી હતી. આ વાનગી હરિફાઇ માટે આઠ સભ્યોની નિર્ણાયક કમિટી બનાવવામાં આવી હતી. નિર્ણાયક કમિટી દ્વારા જુદા જુદા સ્પર્ધકોની વાનગી ચકાસી ૨૪ વાનગીઓને પસંદ કરી હતી. જે પૈકી પ્રથમ કક્ષાએ – ત્રણ, દ્રિતીય કક્ષાએ – ત્રણ અને તૃતીય કક્ષાએ ત્રણ મળી કુલ - ૯ વાનગીને નિર્ણાયક કમિટી દ્વારા પસંદ કરવામાં આવી હતી. રાજય કક્ષાની વાનગી હરિફાઈમાં પ્રથમ કક્ષાએ આણંદ જિલ્લાના તારાપુર તાલુકાના આરતી રણજીતભાઈ પરમાર, મહેસાણા જિલ્લાના મહેસાતા તાલુકાના ભાવનાબેન સૂર્યકાંતભાઈ ભટ્ટ, નવસારી જિલ્લાના નવસારી તાલુકાના નલીનીબેન ધર્મેશભાઈ મિસ્ત્રીની વાનગીની પસંદગી કરવામાં આવી હતી. દ્રિતીય કક્ષાએ રાજકોટ જિલ્લાના રાજકોટ તાલુકાના રીંકલબેન, સુરત શહેરના ચેતના લલિત આસેદેકર અને ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકાના કરીના મનજીભાઈ પાલનપુરા ની વાનગીની પસંદગી પામી હતી. તેમજ તૃતીય કક્ષાએ તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના દિયાબેન જનતાભાઈ ગામીત, રાજકોટ જિલ્લાના કોટડા સાંગાણી તાલુકાના અવંતીકાબેન રાઠોડ અને આણંદજિલ્લાના આણંદ તાલુકાના જીનલબેન દિપકભાઈ પટેલની વાનગીની પસંદગી કરવામાં આવી હતી.

પ્રથમ કક્ષાએ વિજેતા ઉમેદવારને રૂપિયા ૧૦ હજારનો ચેક, દ્રિતીય કક્ષાએ વિજેતા ઉમેદવારને રૂપિયા ૪૧૦૦/- નો ચેક અને તૃતીય કક્ષાએ વિજેતા ઉમેદવારને રૂપિયા ૧૫૦૦/- ચેક તેમજ અમૂલનું ગીફટ હેમ્પર અને પ્રમાણ પત્ર મંત્રીશ્રીના હસ્તે અર્પણ કરવામાં આવ્યા હતા. રાજય કક્ષાની વાનગી હરિફાઈના ૩૮૧ સ્પર્ધકોને આશ્વાન ઈનામ તરીકે અમૂલનું ગીફટ હેમ્પર આપવામાં આવ્યા છે. રાજય કક્ષાની વાનગી હરિફાઈના સ્પર્ધકોને ઈનામ વિતરણ સમારંભમાં મહિલા અને બાળ વિભાગના સચિવ અને કમિશનર શ્રી મનિષા ચંદ્રા, આઈ.સી.ડી.એસના નિયામક શ્રી અશોક શર્મા સહિત અધિકારીઓ સ્પર્ધકો ઉપસ્થિત રહ્યાં હતા.

## જિલ્લા /મહાનગર નવનિયુક્ત તમામ પ્રમુખશ્રીઓને "કમલમ"પરિવાર તરફથી હાર્દિક અભિનંદન



## તંત્રી સ્થાનેથી......

વૈશ્વિક રોગચાળાની સામે સામૂહિક લડતમાં ભારતે અનેક સીમાચિહ્નો પાર કર્યા છે. ૧૦૬ દિવસ પછી પહેલીવાર ભારતના સક્રિય કેસનું ભારણ ૫ લાખથી ઓછું થઇ ગયું છે. આજે સક્રિય કેસનું કુલ ભારણ ૪,૯૪,૬૫૭ ના સ્તરે છે. જે ૨૮ જુલાઈએ ૪,૯૬,૯૮૮ હતું. આ સાથે સક્રિય કેસ પોઝિટીવ કેસના કુલ ૫.૭૩% છે. જે દેશમાં સક્રિય કેસમાં ઘટાડો નોંધાવવાનું સતત વલણ પણ દર્શાવે છે. વિશ્વના કેટલાક દેશોમાં નવા કેસની સંખ્યામાં વધારો નોંધાયો છે ત્યારે એ સંદર્ભમાં આ ખૂબ મહત્વનું પાસુ છે. કેન્દ્રની સતત, તબક્કાવારની અને લક્ષિત વ્યૂહરચનાઓ, રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા તેમના અસરકારક અમલીકરણ, ડોક્ટર અને અન્ય તમામ કોવિડ-૧૯ વોરીયર્સની સમર્પિત અને નિઃસ્વાર્થ સેવા દ્વારા આ સીમાચિહ્ન સિદ્ધિ શક્ય બની છે.૨૭ રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૨૦,૦૦૦ કરતા ઓછા સક્રિય કેસ છે. ફક્ત ૮ રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૨૦,૦૦૦થી વધુ કેસ છે; બે રાજ્યો (મહારાષ્ટ્ર અને કેરળ) માં ૫૦,૦૦૦થી વધુ સક્રિય કેસ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૪૪,૨૮૧ નવા કેસ નોંધાયા છે જ્યારે આ સમયગાળામાં ૫૦,૩૨૬ સક્રિય કેસ મળી આવ્યા છે. આ દૈનિક નવા કેસ કરતા સાજા થયેલા કેસની વધુ સંખ્યાનો ૩૯મો દિવસ છે. સાજા થયેલા કુલ કેસ અને કુલ સક્રિય કેસના તફાવત સાથે અનુરૂપ સમયગાળામાં આ રીતે વધારો થયો છે. સાજા થયેલા કેસની સંખ્યા ૮૦ લાખનો આંકડો પાર કરી ગઈ છે. આજની તારીખે સાજા થયેલા કેસની કુલ સંખ્યા ૮૦,૧૩,૭૮૩ છે. સાજા થયેલા કેસ અને સક્રિય કેસ વચ્ચેનું અંતર ૭૫,૧૯,૧૨૬ થયું છે. સાજા થવાનો દર વધીને ૯૨.૭૯% થયો છે. અન્ય એક સીમાચિહ્નમાં, ભારતે ૧૨ કરોડ સંચિત પરીક્ષણો કર્યા છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૧,૫૩,૨૯૪ પરીક્ષણો કરવામાં આવ્યા છે. દૈનિક નિમ્ન કેસનું વલણ પરીક્ષણના માળખામાં સઘન વધારા દ્વારા શક્ય બન્યું છે. ઉચ્ચ પરીક્ષણ ચેપગ્રસ્ત લોકોની વહેલી ઓળખ કરવામાં મદદ કરે છે અને આમ આ વાયરસ બિન ચેપગ્રસ્ત લોકોમાં ફેલાતો અટકે છે. નવા દૈનિક સક્રિય કેસ ૫૦,૦૦૦ કરતા ઓછા નોંધવવાનું યથવાત છે. નવા સાજા થયેલા કેસમાંથી ૭૭% કેસ ૧૦ રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશમાં કેન્દ્રિત હોવાનું મનાય છે.એકલા મહારાષ્ટ્રમાં એક દિવસમાં સાજા થયેલા કેસની ૬,૭૧૮ સંખ્યા સાથે સૌથી વધુ નોંધણી થઈ છે. ત્યારબાદ કેરળમાં ૬,૬૯૮ આંકડા સાથે નોંધણી કરવામાં આવી છે. તેમના પછી દિલ્હીમાં ૬,૧૫૭ દર્દીઓ સાજા થયા છે. ટોચના ૧૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં નવા કેસમાંથી ૭૮% કેસ નોંધાયા છે. દિલ્હીમાં સૌથી વધુ ૭,૮૩૦ દૈનિક નવા કેસ નોંધાયા છે. તે પછી કેરળમાં ૬,૦૧૦ કેસ નોંધાયા છે. દસ રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશો કોવિડ મૃત્યુઆંકમાં ૭૯% હિસ્સો ધરાવે છે. છેલ્લા ૨૪ કલાકમાં ૫૧૨ લોકોના મૃત્યુ થયા છે. કુલ મૃત્યુદર ૧.૪૮% છે અને તે સતત ઘટાડાના માર્ગ પર અગ્રેસર છે. મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૧૧૦ લોકોના મૃત્યુ થયા છે. દિલ્હી અને પશ્ચિમ બંગાળમાં અનુક્રમે ૮૩ અને ૫૩ લોકોના તાજેતરમાં મૃત્યુ થયા છે.

# ૧૭૩-ડાંગ (અ.જ.જા.) વિધાનસભાની પેટા ચૂંટણીનુ પરિણામ જાહેર

## ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર શ્રી વિજયભાઈ પટેલનો ૫૯,૪૭૫ મતે વિજય






કમલમ દૈનિક, આહવા

૧૭૩-ડાંગ વિધાનસભા મતદાર વિભાગની ગત તા.૩જી નવેમ્બરના રોજ યોજાયેલી પેટા ચૂંટણીની મત ગણતરી તા.૧૦/૧૧/૨૦૨૦ના રોજ સરકારી વિજ્ઞાન કોલેજ, આહવા ખાતે હાથ ધરવામા આવી હતી. જેમા ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર શ્રી વિજયભાઈ પટેલનો ૫૯,૪૭૫ માટે વિજય નોંધવા પામ્યો હતો.

જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા હાથ ધરાયેલી મતગણના દરમિયાન કુલ ૩૬ રાઉન્ડ સહીત ૧ પોસ્ટલ બેલેટના રાઉન્ડ સાથે જુદા જૂદા ૧૦ ટેબલો ઉપર ગણતરી હાથ ધરવામા આવી હતી. ગણતરીના અંતે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર શ્રી વિજયભાઈ પટેલને કુલ ૯૪,૦૦૬ મત મળવા પામ્યા છે. જયારે તેમના નજીકના હરીફ ઉમેદવાર શ્રી સૂર્યકાંતભાઈ ગાવીતને (ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ) ૩૩૯૧૧, ભારતીય ટ્રાયબલ પાર્ટીના ઉમેદવાર શ્રી બાપુભાઈ જાન્યાભાઈ ગામીતને ૧૨૩૪, અપક્ષ ઉમેદવાર શ્રી જીતેન્દ્રભાઈ હીરુભાઈ ગામીતને ૩૯૬, અપક્ષ ઉમેદવાર શ્રી દિનેશભાઈ ધાકલુભાઈ હાડળને ૩૧૪, અપક્ષ ઉમેદવાર શ્રી ચિરાગભાઈ ભરતભાઈ પટેલને ૪૨૮, અપક્ષ ઉમેદવાર શ્રી મનુભાઈ મોહનભાઈ ભોયેને ૫૪૨, અપક્ષ ઉમેદવાર શ્રી યોગેશભાઈ સોનીરાવભાઈ ભોયેને ૪૦૦, અપક્ષ ઉમેદવાર શ્રી મુકેશભાઈ જમનાદાસ વાડેકરને ૯૨૮ મળી કુલ ૧,૩૨,૧૫૯ માન્ય મતો તથા ૨૯૩૯ નોટાના મતો સહીત કુલ ૧,૩૫,૦૯૮ મતોની ગણતરી હાથ ધરવામા આવી હતી. જેમા ૧૪૪૨ પોસ્ટલ બેલેટનો પણ સમાવેશ થાય છે. જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી એન.કે.ડામોરના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ મત ગણતરી વેળા ચૂંટણી નિરીક્ષકશ્રી પણ ઉપસ્થિત રહ્યા હતા.

ડાંગ જિલ્લામા આ વેળાની પેટા ચૂંટણીમા કુલ ૭૫.૦૧ ટકા જેટલુ મતદાન નોંધાયુ હતુ. જિલ્લામા નોંધાયેલા કુલ ૮૯૪૧૭ પુરુષ મતદારો, ૮૮૭૬૭ સ્ત્રી મતદાર, તથા ૨ અન્ય જાતિના મતદાર મળી કુલ ૧૭૮૧૮૬ મતદારો નોંધાયા હતા. જે પૈકી ૬૬૧૭૧ પુરુષ, અને ૬૬૮૭૩ સ્ત્રી મળી કુલ ૧૩૩૦૪૪ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. અહી ૩૫૭ મતદાન મથક ઉપર ૭૪.૦૦ ટકા બુથ મતદાન નોંધાયુ હતુ.

જયારે ૬૧૫ ઈ.ડી.સી. મત (ઈલેક્શન ડ્યુટી સર્ટીફીકેટ) સાથે અહી કુલ ૭૫.૦૧ ટકા મતદાન નોંધાયુ હતું. આ ઉપરાંત આ ચૂંટણીમા પોસ્ટલ બેલેટ અને સર્વિસ વોટર્સ મળી કુલ ૧,૩૫,૦૯૮ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, સને ૨૦૧૭ની વિધાનસભાની સામાન્ય ચૂંટણીમા કુલ ૧,૨૨,૬૭૨ મતદારોએ મતદાન કર્યું હતુ. જે પૈકી તત્કાલીન ભારતીય રાષ્ટ્રીય કોન્ગ્રેસના ઉમેદવાર શ્રી મંગળભાઈ ગાવીતને ૫૭,૮૨૦ મતો તથા ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર શ્રી વિજયભાઈ પટેલને ૫૭,૦૫૨ મતો મળવા પામ્યા હતા. આમ, ૭૬૮ માટે શ્રી મંગળભાઈ ગાવિત (ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ) ના ઉમેદવારનો વિજય થવા પામ્યો હતો. જે તે વખતે નોટાને ૨૧૮૪ અને અન્ય બે ઉમેદવારોને કુલ ૪૩૧૨ મતો પ્રાપ્ત થયા હતા.

# નેહરુ યુવા કેન્દ્ર દ્વારા માંડવીના કરવલી ખાતે ક્લિન વિલેજ અને ગ્રીન વિલેજ અને કોરોના જાગૃતિ અભિયાન કાર્યક્રમ યોજાયો





કમલમ દૈનિક, સુરત

ભારત સરકાર યુવા કાર્યક્રમ અને ખેલમંત્રાલય નેહરુ યુવા કેન્દ્ર, સુરતના એક્શન યુવા ગૃપ અને યુવા ગૃપ, કરવલી દ્વારા માંડવીના કરવલી ‘ક્લિન વિલેજ-ગ્રીન વિલેજ‘ અને ‘કોરોના જાગૃતિ અભિયાન‘ કાર્યક્રમ યોજાયો હતો.કાર્યક્રમમાં યુવામાં પર્યાપ્ત પ્રમાણમાં રહેલી ઉર્જાને વિકસાવવા, કોરોના સમયે સેનિટાઇઝર અને માસ્કનો અવશ્ય ઉપયોગ કરવા સાથે વિવિધ યોજનાઓ આયુષ્યમાન ભારત કાર્ડ, ફ્રિ-શીપ કાર્ડ, બાંધકામ શ્રમયોગી કલ્યાણ જોબકાર્ડ, ખેતી વિષયક યોજના, રમત- ગમત, કેરિયર, રક્તદાન જાગૃતિ વગેરે જેવા વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી.આ કાર્યક્રમમાં બેંક ઓફ મહારાષ્ટ્રના બલ્લુભાઈ ચૌધરી, ધર્મેશભાઈ ચૌધરી, સરપંચ રામુભાઈ ચૌધરી, માજી.સરપંચ દલસીંગભાઈ ચૌધરી, અશોકભાઈ,મોહનભાઈ ચૌધરી ઉપસ્થિત હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે સુરતના નેહરુ યુવા કેન્દ્રના જિલ્લા સંયોજક સચિનભાઈ શર્મા માર્ગદર્શન હેઠળ કરવલી ગામના યુવાની ઉર્જાને પ્રધાન કરનાર જીતેન્દ્રભાઈ એમ. ચૌધરી અને એક્શન યુવા ગૃપના વિજયભાઈ વસાવા અને યુવા ગૃપ કરવલીએ ફાળો આપ્યો હતો

# કતારગામની સ્ટેટિક સેન્ટરની ટીમ છેલ્લાં દોઢ મહિનાથી કોરોના સંક્રમણમાં આરોગ્ય તપાસ અને સારવાર માટે ખડેપગે





કમલમ દૈનિક, સૂરત

સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરમાં વિવિધ વિસ્તારોમાં કોવિડ ટેસ્ટીંગ અને એ.આર.આઈ.ના કેસોના નિદાન અને સારવાર માટે ’સ્ટેટિક અને સર્વેલન્સ સેન્ટર’ શરૂ કરવામાં આવ્યાં છે. કતારગામ નોર્થ ઝોન દ્વારા કતારગામ પોલીસ સ્ટેશનની સામે ’જેરામમોરારની વાડી સ્ટેટિક સેન્ટર’ કાર્યરત છે. જ્યાં કોવિડ ૧૯ માટે નિઃશુલ્ક રેપિડ એન્ટીજેન ટેસ્ટીંગ અને ઓ.પી.ડી.ની સુવિધા ઊભી કરવામાં આવી છે. શરદી, ઉધરસ, તાવ જેવા એ.આર.આઈ.ના કેસોનું નિદાન કરી નિઃશુલ્ક દવા આપવામાં આવે છે. ડો.અંકિતા રાઠોડ, સેનેટરી ઈન્સ્પેક્ટર જીતુભાઈ મકવાણા, લેબ ટેકનિશીયન પ્રિયા ટંકારિયા, સ્ટાફ નર્સ ડિનલ ટંડેલ, સર્વેયરો અર્પણ ઘોઘારી, ભૂમિકા વરિયા, જયશ્રી પવાર તેમજ ડ્રાઈવર ફિરોજભાઈ પઠાણ અને મિશ્રાજીની ટીમ દ્વારા રજા લીધા વિના સતત દોઢ મહિનાથી કતારગામવાસીઓના આરોગ્ય તપાસ અને સારવાર માટે ખડેપગે છે. દરરોજ ૫૦ થી ૬૦ શંકાસ્પદ લક્ષણોવાળા વ્યક્તિઓનું ટેસ્ટિંગ કરવામાં આવે છે. કોઈ પણ નાગરિકને શંકાસ્પદ લક્ષણો જણાય તો સેન્ટર ખાતે આવી વિનામૂલ્યે ટેસ્ટ કરાવી શકે છે, રેપિડ ટેસ્ટ કરી માત્ર ૧૦ મિનિટમાં નેગેટિવ અથવા પોઝિટીવ રિપોર્ટ મળી જાય છે, પોઝિટીવ દર્દીઓના નિદાન પછી સારવારની પણ વ્યવસ્થા કરવામાં આવે છે. સોશ્યલ ડિસ્ટન્સિંગ અને તમામ કોવિડ ગાઈડલાઈન્સ સાથે આ સેન્ટરમાં આરોગ્ય સેવા આપવામાં આવે છે એમ ફરજ પરના ડો.અંકિતા રાઠોડ જણાવે છે.

# ૧૫ ઓગસ્ટે ભેટમાં મળેલી બ્લડ કલેક્શન વાન થકી ૬૧૯ યુનિટ બ્લડ એકત્રીત કરાયું

## સીવીલ હોસ્પિટલ મેડિકલ કોલેજ હિંમતનગર દ્વારા ૧૭ કેમ્પોનુ આયોજન





કમલમ દૈનિક,

જી.એમ.ઇ.આર.એસ.મેડિકલ કોલેજ જનરલ હોસ્પિટલ હિંમતનગરની બ્લડ બેંક આ સ્લોગન “Be there for someone else. Give blood. Share life”. આ સૂત્ર ને સાર્થક કરવા પ્રયત્ન શીલ છે અને નિયમિત રીતે રક્ત દાન શિબિરો યોજાતી રહે છે. જિલ્લા સમાહર્તા શ્રી સી.જે પટેલે તા. ૧૫ ઓગસ્ટ ૨૦૨૦ના દિવસે જી.એમ.ઇ.આર.એસ.મેડિકલ કોલેજ સલગ્ન જનરલ હોસ્પિટલ હિંમતનગરનામેડિકલસુપ્રિટેન્ડેન્ટશ્રી આશિષ કતારકરને અને જાગૃત નાગરિકો ધ્વારા કે જે નિયમિત રક્તદાન કરે છે તેમની સગવડતા સચવાયએ હેતુથી બ્લડ બેંક ને બ્લડ કલેકશન વાન ઉપલબ્ધ કરાવી હતી. બ્લડ બેંક ધ્વારા છેલ્લે ૨૭-૧૦-૨૦૨૦ના રોજ બે કેમ્પ ઈડર અને પ્રાંતિજ ખાતે યોજવામાં આવ્યા હતા. આ કેમ્પમાં મુખ્ય મહેમાન તરીકે શિક્ષણ સચિવશ્રી વિનોદ રાવ અને પ્રાથમિક જિલ્લા શિક્ષણાધિકારી ઉપસ્થિત રહ્યા અને કુલ ૨૩૨ રક્તદાતાઓએ રક્તદાન કરીજરૂરિયાતમંદલોકોસુધી પહોચી ને તેમને નવજીવન આપવાનું સરાહનીય કાર્ય કરી અન્ય લોકો ને પણ પ્રેરણા આપી. આ શિબિર અત્યાર સુધી થયેલા રકતદાનમાં સૌથી વધુ લોકો એ રક્ત દાન કર્યું. ૧૫ ઓગસ્ટ ૨૦૨૦થી અત્યાર સુધી ૧૭ કેમ્પ નું આયોજન કરી ૬૧૯ યુનિટ બ્લડ એકત્રીત થયુ. જેના દ્વારા સમાજ માથી લેવું અને સમાજ ને અર્પણ કરવાના ધ્યેય સાથે જી.એમ.ઇ.આર.એસ. જનરલ હોસ્પિટલ હિંમતનગરની બ્લડ બેંકે સતત કાર્ય કરી રહી છે. સગર્ભા માતા ઓ ને ૨૦૮ યુનિટ, નવજાત શિશુઓને ૩૧ યુનિટ કોરોનાના દર્દીઓને ૪૪ યુનિટ બ્લડ આપી ને નવજીવન આપ્યું છે. જી.એમ.ઇ.આર.એસ. જનરલ હોસ્પિટલ હિંમતનગર ની બ્લડ બેંક સતત રક્તદાન કેમ્પ કરવા અને સમાજ ને જરૂર પડતાં સતત કાર્યશીલ છે.

# કડાણા તાલુકાના કાળુભાઈએ કલ્યાણકારી કિસાન પરીવહન યોજનાનો લાભ મેળવી આત્મનિર્ભરતા તરફ પ્રયાણ કર્યું

## મહીસાગર જિલ્લામાં સાત પગલાં ખેડૂત કલ્યાણ અંતર્ગત મુખ્યમંત્રી કિસાન પરિવહન યોજનામાં ૨૦૫ ખેડૂત લાભાર્થીઓને પ્રાથમિક મંજુરી અપાઈ






ખેત પેદાશો બજારમાં સમયસર પહોંચતા ઉત્પાદનનું સારૂ મૂલ્ય મળતા મધ્યમ માલવાહક યોજના ખેડૂતો માટે આશીર્વાદ રૂપ અને આવક વૃદ્ધિ કરનારી બની

કમલમ દૈનિક, લુણાવાડા,

ગુજરાત સરકાર દ્વારા સાત પગલાં ખેડૂત કલ્યાણના અંતર્ગત મુખ્યમંત્રી કિસાન પરિવહન યોજનામાં ખેડૂતો પોતાના ખેત ઉત્પાદનો બજારોમાં સરળતાપૂર્વક લઈ જઈ સારા ભાવે વેચાણ કરી શકે તે માટે મધ્યમ માલવાહક યોજના શરૂ કરવામાં આવી છે. કોરોનાના સંકટકાળમાં સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીની સાત પગલા ખેડૂત કલ્યાણ અંતર્ગત કૃષિલક્ષી કલ્યાણકારી યોજનાઓને ખેડૂતો આવકારી રહ્યા છે. આ યોજનાના પ્રારંભીક સારા પરીણામો જમીની સ્તર પર મહીસાગર જિલ્લામાં જોવા મળી રહ્યા છે. જેનો લાભ મેળવનાર મહીસાગર જિલ્લાના કાળુભાઇ ખાંટના ખેડૂત પરીવારે આત્મનિર્ભરતા તરફ પ્રયાણ કર્યું છે.

આ યોજનામાં રૂપિયા પંચોતેર હજારની સહાય મેળવી વાહન ખરીદનાર કડાણા તાલુકાના લાડપુર ગામના લાભાર્થી ખેડૂતપુત્ર નરેશભાઇ કાળુભાઇ ખાંટે જણાવ્યુ કે ખેડૂતો માટે કિસાન પરિવહન યોજના લાભદાયી છે. અગાઉ ખેત પેદાશો બજારમાં લઈ જવા તકલીફનો સામનો કરવો પડતો હતો અને સમયસર અમારૂ ખેત ઉત્પાદન બજાર ન પહોંચી શકવાના કારણે ભાવમાં નુકશાન વેઠવું પડતુ હતું પણ હવે પોતાની ખેતપેદાશો સમયસર બજારો સુધી પહોંચવાના કારણે સારો ભાવ પણ મળે છે. આ ઉપરાંત આસપાસના ખેડૂતોના ખેત ઉત્પાદનો બજાર સુધી પહોંચાડી ભાડાની આવક મળતાં આવકમાં વધારો થયો છે. અને અમે આત્મ નિર્ભર બન્યા છીએ. તે બદલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સરકારનો આભાર વ્યકત કરતાં હર્ષની લાગણી અનુભવી હતી.જિલ્લા ખેતીવાડી અધિકારી સુમિત પટેલે જણાવ્યું છે કે આ યોજના અંતર્ગત મહીસાગર જિલ્લામાં ૨૦૫ ખેડૂત લાભાર્થીઓને વાહન ખરીદવા પ્રાથમિક મંજૂરી આપવામાં આવેલ છે. જમીન પ્રમાણે મંજૂર થયેલ રૂપિયા પચાસ હજારથી પંચોતેર હજાર સબસિડી સહાય માન્ય થયેલ ચાર ડીલરોને ત્યાં બાદ કરીને જ લાભાર્થી ખેડૂતને વાહન આપવામાં આવે છે તેની પણ મંજૂરી આપી દેવામાં આવી છે. આ યોજના અંતર્ગત મહીસાગર જિલ્લામાં ૨૦૫ ખેડૂત લાભાર્થીઓને વાહન ખરીદવા પ્રાથમિક મંજૂરી આપવામાં આવતા વાહન ખરીદનાર ખેડૂતો કિસાન પરીવહન યોજનાને ખેડૂતો માટે લાભદાયક અને આવકવૃધ્ધિ કરનારી ગણાવી ખેડૂત હિતલક્ષી યોજના માટે સરકારશ્રીનો આભાર વ્યકત કરી રહ્યા છે.



કમલમ દૈનિક,

સુરત મહાનગર પાલિકાનાં વોર્ડ નંબર ૩૦ કનસાડ-ઉન-સચીન-આભવા વિસ્તારમાં રોડ-રસ્તાઓનાં નવીનીકરણનું ખાતમુહૂર્ત કર્યું. રસ્તાઓનાં આ નવીનીકરણને કારણે લોકોની સુવિધાઓમાં વધારો થશે અને સમયની બચત થશે. ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલ, નવનિયુક્ત જીલ્લા ભાજપ પ્રમુખ શ્રી સંદિપભાઇ દેસાઇ, સુરત મહાનગર પાલિકાનાં બાંધકામ સમિતિનાં ચેરમેન શ્રી સોમનાથભાઇ મરાઠે, કાર્યકર્તાશ્રીઓ, આગેવાનશ્રીઓ પણ ઉપસ્થિત રહ્યા.







# વેરાવળ બંદરને રોજ માટે સ્વચ્છ રાખવાની ખાસ જરૂર

## એમ.પે.ડા.અને નેટફિશ દ્વારા સ્વચ્છતા અભિયાન યોજાયું

કમલમ દૈનિક, સોમનાથ

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત વેરાવળ બંદરમાં એમ.પે.ડા અને નેટફિશ દ્વારા સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. બંદરમાં આવેલ ઓક્સન હોલમાં અને રોડ પરથી મોટી સંખ્યામાં સુકો અને ભીનો કચરો એકઠો કરી તેનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો. તેમજ ત્યાં ઉભરાયેલી ગટરના પાણીનું યોગ્ય રીતે નિકાલ કરી સ્વચ્છતાની પહેલ કરવામાં આવી હતી. સ્ટેટ કોડીનેટરજીજ્ઞેશભાઈવિસાવડીયાએ સ્વચ્છતા અભિયાનને સાર્થક બનાવવા માટે પ્રયાસો હાથ ધરી જણાવ્યું હતું કે, વેરાવળ બંદર માંથી દર વર્ષે કરોડો રૂપિયાની માછલીઓની નિકાસ કરવામાં આવી રહી છે. વિદેશ માંથી માછલીની નિકાસ અને ગુણવત્તામાં વેરાવળ બંદરનો મહત્વનો ફાળો રહ્યો છે. એટલા માટે આપણા સૌ ની સામાજીક ફરજના ભાગરૂપે આપણે હંમેશા દરરોજ માટે બંદરને ચોખ્ખુ સ્વચ્છ રાખવાની ખાસ જરૂર છે. જેના ઉપર આપણી રોજગારી નિર્ભર છે. બંદરમાં માછીમારી વ્યવસાય સાથે સંકળાયેલા લોકો તેમના વિસ્તારમાં દરરોજ સફાઈ રાખે. ગમે ત્યાં કચરો ન ફેકે અને તેનો યોગ્ય જગ્યાએ નિકાલ કરે. ઉપરાંત ગંદા પાણીનો પણ નિકાલ યોગ્ય જગ્યાએ કરવો અને બંદરને સ્વચ્છ રાખવા સહભાગી થવા કહ્યું હતું. આ તકે બી.એ.યાદવ એજ્યુકેશન ના પ્રમુખ કાનજીભાઈ યાદવ, સ્વચ્છ અભિયાનને સાર્થક કરવા ફિશરીઝ વિભાગનો સ્ટાફ, સામાજીક અગ્રણીઓ, ફિશરિઝ કોલેજની વિધાર્થીનીઓ, મહિલા સફાઈ કર્મચારીઓ અને મોટી સંખ્યામાં માછીમારો જોડાયા હતા. સફાઈ અભિયાનનું સફળ સંચાલન એમપેડાના કર્મચારીઓએ કર્યું હતું. સફાઈ અભિયાનમાં સહભાગી થનાર તમામ લોકોને ભોજન પિરસવામાં આવ્યું હતું.

# ૪૯ વર્ષીય ફાતિમાબેન ૧૯ દિવસની સારવારમાં ૧૨ દિવસ બાયપેપ પર રહીને કોરોનામુક્ત થયા




કમલમ દૈનિક, સુરત

કોરોના વાયરસ મોટી ઉમરના લોકોને સૌથી વધારે અસર કરે છે. આંકડાઓ ચકાસીએ તો ૪૫ થી ૬૫ વર્ષની મોટી ઉમરના લોકો માટે કોરોના જોખમી સાબિત થયો છે. પણ જેની ઈમ્યુનિટી સારી એવા વડીલો કોરોનાને મ્હાત આપવા સફળ થયા છે એવું સુરતના કોરોનાને મ્હાત આપી સ્વસ્થ થયેલા ૪૯ વર્ષીય ફાતિમાબેન શાહને જોઈને કહી શકાય. ફાતિમાબેન નવી સિવિલમાં ૧૯ દિવસની સારવારમા ૧૨ દિવસ બાયપેપ રહીને કોરોનામુક્ત થયા છે. ફાતિમાબેન ભેસ્તાન આવાસમાં પરિવાર સાથે રહે છે. તેઓ જણાવે છે કે "તા.૧૭ ઓકટોબરના રોજ અચાનક શ્વાસ લેવામાં તકલીફ પડવા લાગી, જેથી પરિવાર ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવા તૈયાર થયા. પરંતુ મારા મોટાભાઈ જાકિરે કહ્યું કે, ખાનગી હોસ્પિટલ કરતાં સિવિલ હોસ્પિટલમાં સારી સારવાર મળે છે, અને ત્યાં તમામ સુવિધા ઉપલબ્ધ હોય છે. જેથી મારા ભાઈ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે લાવ્યા, જ્યાં મારો રિપોર્ટ પોઝિટીવ આવ્યો. ઓક્સિજન લેવલ ઓછું હોવાથી કોવિડ-૧૯ના આઈસીયુ વોર્ડમાં દાખલ કરી બાયપેપ પર રાખવામાં આવી હતી. જ્યાં સમયસર તબીબો તપાસ કરવા માટે આવીને આશ્વાસન આપતા હતા. સિવિલમાં આટલી સારી સારવાર મળશે એવું વિચાર્યું ન હતું, સ્વસ્થ થઈ જતાં તા.૦૪ નવેમ્બરે રજા આપવામાં આવી હતી. સિવિલના તબીબોનો ખુબ આભાર માનું છું." ફાતિમાબેનના ભાઈ જાકિરભાઈ શાહે ખુશી વ્યક્ત કરતાં જણાવ્યું કે, 'એક સમયે બહેનને ખાનગી હોસ્પિટલમાં શિફ્ટ કરવાનો વિચાર કર્યો. પણ સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં ચિફ સિક્યોરીટી ઓફિસર હરેનભાઈ ગાંધી સાથે મુલાકાત દરમિયાન કહ્યું કે, બહેનને બચાવવી હોય તો અહિંયા જ સારવાર કરાવો. એમની વાત માની સિવિલમાં જ સારવાર લીધી હતી. સિવિલ હોસ્પિટલમાં ૧૯ દિવસની સારવાર બાદ આજે મારી બહેન ઘરે પરત ફરી રહી છે. બહેનને મોતના મુખમાંથી બચાવી સ્વસ્થ કરનારા તબીબોનો દિલથી આભાર વ્યક્ત કરું છું. સિવિલ હોસ્પિટલના તબીબોની નિસ્વાર્થ સેવા અને ફરજનિષ્ઠાને કારણે અનેક સંક્રમિત લોકો સંક્રમણમુક્ત બની સ્વગૃહે પરત ફરી રહ્યા છે. સિવિલ સર્જન ડો.અશ્વિન વસાવા, ડો.અજય પરમાર, ડો શ્વેતા રાજકુમાર, ડો.ટવીંકલ પટેલ દ્વારા સારવાર તથા સંપુર્ણ કાળજી લેવામાં આવતી હતી.

# સુરત જિલ્લા મેજિસ્ટ્રેટનું જાહેરનામુ

**દિવાળીના તહેવારો દરમિયાન રાત્રિના ૦૮.૦૦ થી ૧૦.૦૦ દરમિયાન જ ફટાકડા ફોડી શકાશે**



કમલમ દૈનિક, સૂરત

સૂરત જિલ્લામાં દિવાળી તથા અન્ય તહેવાર નિમિતે જાહેર જનતાને ભયજનક/હાનિકારક પર્યાવરણ તથા ધ્વનિ પ્રદુષણની વિપરીત અસરથી બચવા માટે ફટાકડાની બનાવટ/વેચાણ તથા ફટાકડા ફોડવા માટે અને આતશબાજીના કારણે થતા ઈજાના બનાવો તેમજ દર્દીઓ અને વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીની સાથોસાથ જાનમાલને નુકશાન અને ટ્રાફિક અડચણ જેવા પ્રશ્નો સર્જાતા હોય છે. જેથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એસ.ડી.વસાવાએ એક જાહેરનામાં દ્વારા જરૂરી પ્રતિબંધ ફરમાવ્યા છે.

(૧) દિવાળીના તહેવારો દરમિયાન રાત્રિના ૦૮.૦૦ થી ૧૦.૦૦ દરમિયાન જ ફટાકડા ફોડી શકાશે.

(૨) સીરીઝમાં જોડાયેલા ફટાકડા(ફટાકડાની લુમ) થી મોટા પ્રમાણમાં હવા, અવાજ અને ઘન કચરાની સમસ્યા થતી હોવાથી તે રાખી શકાશે નહીં, ફોડી શકાશે નહીં કે વેચાણ કરી શકાશે નહીં.

(૩) હાનિકારક ધ્વની પ્રદુષણ રોકવા માટે માત્ર PESO સંસ્થા દ્વારા અધિકૃત બનાવટ વાળા અને માન્ય ધ્વનિ સ્તર વાળા ફટાકડા વેચી/વાપરી શકાશે. PESO દ્વારા એવા અધિકૃત/માન્ય ફટાકડાના દરેક બોકસ ઉપર "PESO ની સુચના પ્રમાણેનું માર્કીંગ હોવું જરૂરી છે.

(૪) હોસ્પિટલ, નર્સીંગ હોમ, આરોગ્ય કેન્દ્ર, શૈક્ષણીક સંસ્થાઓ, ન્યાયાલયો, ધાર્મિક સ્થળોની ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારને સાયલેન્ટ ઝોન તરીકે ગણવામાં આવશે અને ત્યાં કોઈપણ પ્રકારના ફટાકડા ફોડી શકાશે નહીં.

(૫) કોઈપણ પ્રકારના વિદેશી ફટાકડા આયાત કરી શકાશે નહીં, રાખી શકાશે નહીં કે વેચાણ કરી શકાશે નહીં.

(૬) ઈ-કોમર્સ વેબસાઈટ ફલીપ કાર્ટ, એમેઝોન સહિતની કોઈપણ ઈ-કોમર્સ વેબસાઈટ ફટાકડાના વેચાણ માટે ઓનલાઈન ઓર્ડર લઈ શકાશે નહીં કે ઓનલાઈન વેચાણ કરી શકાશે નહીં

(૭) લોકોને અગવડ ઉભી ન થાય, કોઈપણ ભયજનક પરિસ્થિતિનું નિર્માણ ન થાય, તે માટે સુરત ગ્રામ્યના બજારો, શેરીઓ, ગલીઓ, જાહેર રસ્તાઓ, પેટ્રોલ/સી.એન.જી પંપ, એલ. પી.જી. બોટલીંગ પ્લાન્ટ, એલ.પી.જી. ગેસના સ્ટોરેજ અન્ય સળગી ઉઠે તેવા પદાર્થોને સંગ્રહ કરેલા ગોદામો તથા હવાઈમથકની નજીક ફટાકડા દારૂખાનું ફોડી શકાશે નહીં.

(૮) કોઈપણ પ્રકારના સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ/ આતશબાજ બલુન) નું ઉત્પાદન તથા વેચાણ કરી શકાશે નહીં. તેમજ કોઈપણ સ્થળે ઉડાડી શકાશે નહીં. તા.૦૧ ડિસે. સુધી આ હુકમ અમલી રહેશે. જાહેરનામાનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

# વડોદરા સેન્ટ્રલ જેલની વધુ એક નવી પહેલ: શુદ્ધ અને સાત્વિક સેન્દ્રીય ખેતી નો પ્રારંભ...







કમલમ દૈનિક, વડોદરા

કેદી સુધારણા અને કલ્યાણ ના ભાગરૂપે વડોદરા સેન્ટ્રલ જેલ દ્વારા નીત નવી પહેલો આદરવામાં આવી રહી છે.તાજેતરમાં જ જેલની પાછળના ભાગે આવેલી જેલ માલિકીની જગ્યા જે ખેતી માટે વપરાય છે,ત્યાં ટપક સિંચાઈ ની સુવિધા કરીને કેદી બંધુઓની મદદ થી પાણી બચાવતી અને જમીન સુધારતી સિંચિત ખેતી શરૂ કરવામાં આવી હતી. હવે તેમાં વધુ આગેકદમ ના રૂપમાં શુદ્ધ અને સાત્વિક સેન્દ્રીય( ઓર્ગેનિક) ખેતી શરૂ કરવામાં આવી છે.યાદ રહે કે ગુજરાત સરકારે સેન્દ્રીય ખેતી પ્રોત્સાહક નીતિ અમલમાં મૂકી છે ત્યારે આ સરકારી નીતિને સુસંગત પગલું છે. આ અંગે જાણકારી આપતાં જેલ અધિક્ષક શ્રી બળદેવસિંહ વાઘેલા એ જણાવ્યું કે જેલ વાડીમાં પુષ્કળ પ્રમાણમાં વનસ્પતિ જન્ય સુકો જૈવિક કચરો ભેગો થાય છે.તેમાં છાણ નું મિશ્રણ કરીને કંપોસ્ટ ખાતર એટલે કે સેન્દ્રીય ખાતર બનાવવામાં આવી રહ્યું છે.આમ,કચરાના નિકાલ ની સરળતા થઈ છે અને કચરામાં થી કંચન જેવું ખાતર બની રહ્યું છે. આ ઉપરાંત આ કચરાની સાથે ગૌમૂત્ર,ગોળ, છાણ અને લોટના મિશ્રણ થી પ્રવાહી સેન્દ્રીય ખાતર જીવામૃત બનાવવામાં આવે છે જે ખેતી ને પોષક બની રહેશે.આમ,આ પહેલથી જેલની ખેતી સાત્વિક અને શુદ્ધ બની છે.જેલની આ પહેલ પર્યાવરણ રક્ષણમાં પણ મદદરૂપ બનશે.

# પશ્ચિમ રેલ્વે પર માલગાડીઓના ૨૦ હજારથી વધુ રેક લોડ કરવાની નોંધપાત્ર ઉપલબ્ધિ

કમલમ દૈનિક,

કોરોનાવાયરસ ને લીધે જાહેર કરાયેલ લોકડાઉન અને વર્તમાન પરિશ્થિતિઓ દરમિયાન પરિવહન અને શ્રમના મુશ્કેલ પડકારો હોવા છતાં,જરૂરી પુરવઠાની પૂર્તિની સાંકળને ચાલુ રાખવા માટે પાર્સલ સ્પેશિયલ ટ્રેનો અને માલગાડીઓનું સંચાલન સતત ચાલુ રાખ્યું છે અને આ દિશામાં ઉત્તમ પરિણામો પ્રાપ્ત કરવામાં પશ્ચિમ રેલ્વેએ કોઈ કસર છોડી નથી. આ એ હકીકતથી સ્પષ્ટ થાય છે કે લોકડાઉન દરમિયાન કઠિન પડકારો હોવા છતાં, પશ્ચિમ રેલ્વે પર માલગાડીઓના ૨૦ હજારથી વધુ રેકમાં માલ પરિવહન કરવાના મોટા આંકડા ને પાર કરી લીધો છે. આ મહત્વની સિદ્ધિ ફક્ત પશ્ચિમ રેલ્વેના સખત મહેનતું અધિકારીઓ અને વફાદાર કર્મચારીઓના સામૂહિક પ્રયત્નોને કારણે શક્ય થયું છે.

પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી સુમિત ઠાકુર દ્વારા જારી કરવામાં આવેલા એક પ્રેસ જાહેરાતમાં જણાવવામાં આવ્યું છે કે, ૨૨ માર્ચ,૨૦૨૦થી અમલમાં આવેલા સંપૂર્ણ લોકડાઉન દરમિયાન અને હાલના આંશિક લોકડાઉન દરમિયાન કઠિન પરિસ્થિતિઓ અને વિકટ પડકારો હોવા છતાં, પશ્ચિમ રેલ્વેએ ૮ નવેમ્બર,૨૦૨૦ સુધી ૨૦,૬૯૫ રેક્સ લોડ કરી પ્રશંસનીય કાર્ય કર્યું છે. વિવિધ સ્ટેશનો પર માનવશક્તિની અછત હોવા છતાં, પશ્ચિમ રેલ્વે તેની માલગાડીઓ દ્વારા દેશભરમાં જરૂરી સામગ્રીનું પરિવહન સુનિશ્ચિત કરી રહ્યું છે. તેમાં પીઓએલના ૨૧૭૩, ખાતરોના ૪૧૪૧, મીઠાના ૧૦૮૬, અનાજના ૧૯૬, સિમેન્ટના ૧૮૭૦, કોલસાના ૭૮૮, કન્ટેનરના ૯૧૮૩ અને સામાન્ય માલના ૯૨ રેકો સહિત કુલ ૪૫.૦૪ મિલિયન ટન ભારવાળી વિવિધ માલગાડીઓને ઉત્તર પૂર્વીય ક્ષેત્રો સહિત દેશના વિવિધ રાજ્યોમાં મોકલવામા આવ્યા. આ ઉપરાંત, મિલેનિયમ પાર્સલ વાન અને દૂધ ટેક્ક વેગનનાં વિવિધ રેક્સ,દવાઓ, તબીબી કીટ,જામેલો ખોરાક,દૂધ પાવડર અને પ્રવાહી દૂધ જેવી વિવિધ આવશ્યક ચીજવસ્તુઓની માંગ અને તેની સપ્લાયની પૂર્તિ માટે ઉત્તર અને ઉત્તર પૂર્વી ક્ષેત્રોમાં મોકલવામાં આવ્યા. કુલ ,૪૦,૯૪૮. માલગાડીઓને અન્ય ઝોનલ ટ્રેનો સાથે ઈન્ટરચેંજ કરવામાં આવી હતી, જેમાંથી ૨૦,૪૮૮ ટ્રેનો સોંપવામાં આવી હતી અને ૨૦,૪૯૦ ટ્રેનો પશ્ચિમ રેલ્વેના વિવિધ ઈન્ટરચેંજ પોઈન્ટ પર લઈ જવામાં આવી હતી. આ સમયગાળા દરમિયાન જમ્બોના ૨૬૬૩ રેક, BOXNના ૧૫૮૬ રેક અને BTPNના ૧૧૬૨ રેકો સહિત વિવિધ મહત્વપૂર્ણ આવનારા રેકની અનલોડીંગ પશ્ચિમ રેલ્વેના વિવિધ સ્ટેશનો પર મજૂરોની અછત હોવા છતાં સુનિશ્ચિત કરવામાં આવી હતી. શ્રી ઠાકુરે જણાવ્યું હતું કે ૨૩ માર્ચ, ૨૦૨૦ થી ૮ નવેમ્બર, ૨૦૨૦ સુધી લગભગ ૧.૭૧ લાખ ટન આવશ્યક સામગ્રીનું પરિવહન પશ્ચિમ રેલ્વે દ્વારા તેની ૬૬૪ પાર્સલ સ્પેશિયલ ટ્રેનોના માધ્યમથી કરવામાં આવ્યું છે, જેમાં કૃષિ ઉત્પાદનો, દવાઓ, માછલી, દૂધ વગેરેનો મુખ્યત્વે સમાવેશ થાય છે. આ પરિવહન દ્વારા ૫૮ કરોડ રૂપિયાથી વધુની થઈ છે. આ સમયગાળા દરમિયાન પશ્ચિમ રેલ્વે દ્વારા ૧૧૬ મિલ્ક સ્પેશિયલ ટ્રેનો ચલાવવામાં આવી હતી, જેમાં ૮૮ હજાર ટનથી વધુનો ભાર વહન કરવામાં આવ્યો હતો અને વેગનનો ૧૦૦% ઉપયોગ કરવામાં આવે તેની ખાતરી કરવામાં આવી હતી. તેવી જ રીતે, ૫૪,૫૦૦ ટનથી વધુ વજનવાળી કોવિડ -૧૯ સ્પેશિયલ પાર્સલ ટ્રેનો વિવિધ આવશ્યક ચીજવસ્તુઓને પરિવહન કરવા માટે દોડાવવામાં આવી હતી. આ સિવાય ૨૮ હજાર ટન વજનવાળા ૬૩ ઈન્ડેન્ટ રેક્સ પણ લગભગ ૧૦૦% ઉપયોગ સાથે ચલાવવામાં આવ્યા હતા. પશ્ચિમ રેલ્વે દ્વારા દેશના જુદા જુદા ભાગોમાં સમયબદ્ધ પાર્સલ સ્પેશિયલ ટ્રેનો નિરંતર ચાલુ રાખવામાં આવી છે. આમાંથી એક પાર્સલ સ્પેશિયલ ટ્રેન પશ્ચિમ રેલ્વેના બાંદ્રા ટર્મિનસ સ્ટેશનથી જમ્મુ તવી માટે ૯ નવેમ્બર ૨૦૨૦ ના રોજ રવાના થઈ હતી, જયારે પાલનપુરથી હિન્દ ટર્મિનલ માટે મિલ્ક સ્પેશિયલ ટ્રેન ચલાવવામાં આવી હતી.

# છઠ પૂજા નિમિતે ૧૩ નવેમ્બરના રોજ ચાલશે પોરબંદર-મુઝફ્ફરપુર સ્પેશિયલ ટ્રેન

કમલમ દૈનિક,

આગામી તહેવારો (દિવાળી અને છથ પૂજા) ને ધ્યાનમાં રાખીને યાત્રીઓની સુવિધા માટે, પશ્ચિમ રેલ્વે દ્વારા ૧૩ નવેમ્બર ૨૦૨૦ ના રોજ પોરબંદર-મુઝફ્ફરપુર વચ્ચે એક સ્પેશિયલ ટ્રેન ચલાવવાનું નક્કી કરાયું છે. ટ્રેન નંબર ૦૯૨૬૯/૦૯૨૭૦ પોરબંદર-મુઝફ્ફરપુર-પોરબંદર સ્પેશિયલ ટ્રેન સ્પેશિયલ ભાડા સાથે ૧૩ નવેમ્બર ૨૦૨૦ ના રોજ પોરબંદર સ્ટેશનથી ફકત એક જ ટ્રીપ સાથે ચાલશે.

- ટ્રેન નંબર ૦૯૨૬૯/૦૯૨૭૦ પોરબંદર-મુઝફ્ફરપુર-પોરબંદર હોલીડે સ્પેશિયલ ટ્રેન

ટ્રેન નંબર ૦૯૨૬૯ પોરબંદર-મુઝફ્ફરપુર સ્પેશિયલ ટ્રેન ૧૩ નવેમ્બર ૨૦૨૦ (શુક્રવાર) ના રોજ ૧૬.૩૦ વાગ્યે પોરબંદરથી ઉપડશે અને ત્રીજા દિવસે ૧૮.૧૦ વાગ્યે મુઝફ્ફરપુર પહોંચશે. એ જ રીતે, વાપસી માટે ટ્રેન નંબર ૦૯૨૭૦ મુઝફ્ફરપુર-પોરબંદર સ્પેશિયલ ટ્રેન મુઝફ્ફરપુરથી ૧૬ નવેમ્બર, ૨૦૨૦ (સોમવાર) ના રોજ ૧૫.૧૫ કલાકે ઉપડશે અને ત્રીજા દિવસે ૧૫.૧૦ કલાકે પોરબંદર પહોંચશે. આ ટ્રેન ટ્રીપ દરમિયાન બંને દિશામાં જામનગર, રાજકોટ, સુરેન્દ્રનગર, વિરમગામ, આંબલી રોડ, પાલનપુર, આબુરોડ, મારવાડ જં., બ્યાવર, અજમેર, જયપુર, બાંદીકુઈ, અલવર, રેવારી જં., ગુડગાંવ, દિલ્હી કેન્ટ, દિલ્હી સરાઈ રોહિલા, દિલ્હી જ., મુરાદાબાદ, બરેલી, શાહજહાંપુર, લખનઉ, ગોંડા જં., ગોરખપુર, સિસ્વા બજાર, બગહા, નરકટિયાગંજ, બેતિયા, સગૌલી, બાપુધામ મોતીહારી, ચકિયા અને મહેસી સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી ટુ-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને સેકન્ડ ક્લાસ સિટિંગ કોચનો સમાવેશ કરવામાં આવશે. આ ટ્રેન સંપૂર્ણ આરક્ષિત રૂપથી દોડશે. આ ટ્રેનનું બુકિંગ ૧૨ નવેમ્બર, ૨૦૨૦ (ગુરુવાર) થી શરૂ થશે. યાત્રીઓને વિનંતી છે કે કૃપા કરીને ભારત સરકારની માર્ગદર્શિકાઓનું પાલન કરે અને ૧.૩૦ કલાક પહેલા સ્ટેશન પર પહોંચે.

# જિલ્લા વિકાસ અધિકારી હસ્તની વિવેકાધીન ગ્રાન્ટમાંથી રૂપિયા ૩૬.૨૫ લાખના ખર્ચે આઠ પ્રાથમિક શાળાના ૫૮ ઓરડાઓનું નવીનીકરણ કરાશે.

કમલમ દૈનિક, ગાંધીનગર

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી શાલિની દુહાને તેમના હસ્તકની વિવેકાધીન ગ્રાન્ટ પ્રાથમિક શાળાઓના ઓરડાઓ બનાવવા માટે ફાળવી આપી છે. જિલ્લાની આઠ પ્રાથમિક શાળાઓના ૫૭ ઓરડાઓની મરામત – નવીનીકરણ માટે રૂપિયા ૩૬.૨૫ લાખની ફાળવણી કરી છે. ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી શાલિની દુહાન દ્વારા પ્રાથમિક શિક્ષણને લગતા પાયાના કામોને પ્રાધાન્ય આપ્યું છે. જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં તમામ પાયાની સુવિધા ઉપલબ્ધ હોય અને બાળકોનું શૈક્ષણિક સ્તર ઉંચુ આવે તેવા કામોને અગ્રમતા આપી છે. જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ તેમના હસ્તકની વિવેકાધીન ગ્રાન્ટ પ્રાથમિક શાળાઓના ઓરડાઓના મરામતની જરૂરિયાત હોય ત્યાં વાપરવા માટે જણાવ્યું હતું. ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓની કાયાકલ્પ થાય તેવા ઉમદા હેતુના આરંભમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા જિલ્લાની આઠ પ્રાથમિક શાળાઓની પસંદગી કરવામાં આવી છે. જેમાં દહેગામ તાલુકાની ત્રણ, ગાંધીનગર તાલુકાની બે અને કલોલ તાલુકાની બે અને માણસા તાલુકાની એક ગામની પ્રાથમિક શાળાનો સમાવેશ થાય છે. આઠ ગામોની પ્રાથમિક શાળાના ૫૭ ઓરડાની મરામત કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. ૫૭ ઓરડાઓની મરામત માટે કુલ- ૩૬.૨૫ લાખ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

# અમદાવાદ ડિવિજન દ્વારા ઓપન ટેબલ ટેનિસ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું

કમલમ દૈનિક, અમદાવાદ ડિવિઝન

સ્પોર્ટ્સ એસોસિએશનના નેજા હેઠળ પશ્ચિમ રેલ્વેના અમદાવાદ ડિવિઝન દ્વારા અમદાવાદ ડિવિઝન કાર્યાલયમાં કાર્યરત કર્મચારીઓ માટે ઓપન ટેબલ ટેનિસ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. અધ્યક્ષ અને ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી દિપકકુમાર ઝાના માર્ગદર્શન હેઠળ આ ટૂર્નામેન્ટની શરૂઆત અપર ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી અનંત કુમાર અને શ્રી પરિમલ શિંદે દ્વારા કરવામાં આવી હતી. આ ટૂર્નામેન્ટમાં પુરુષ વર્ગમાં ૨૦ ખેલાડીઓએ અને મહિલા વર્ગમાં ૦૪ ખેલાડીઓએ ભાગ લીધો હતો. હાલના પરિપ્રેક્ષ્યમાં ભારત સરકારે જારી કરેલા માર્ગદર્શિકાને અનુસરીને આ ટૂર્નામેન્ટ સંપૂર્ણ ઉમંગ અને ઉત્સાહથી યોજવામાં આવી હતી. આ ટુર્નામેન્ટના પરિણામમાં પુરુષ વર્ગમાં શ્રી અભિષેકકુમાર સિંહ – વરિષ્ઠ મંડલ મિકેનિકલ એન્જિનિયર પ્રથમ, શ્રી એમ.એ.શાહ - મુખ્ય આરક્ષણ નિરીક્ષક દ્વિતીય અને શ્રી આશિષ ઉજલાયન સહાયક વાણિજ્ય પ્રબંધક ત્રીજા સ્થાને રહ્યા. મહિલા વર્ગ કુમારી નિધિ - લેખા સહાયક,લેખા વિભાગ પ્રથમ, શ્રીમતી ધન્યા જય વરિષ્ઠ ક્લાર્ક, સ્થાપના વિભાગ બીજા ક્રમે હતા. પુરુષ વર્ગની ફાઈનલ ૦૫ સેટની ફાઈનલમાં શ્રી અભિષેકકુમારસિંહે શ્રી એમ.એ.શાહને ૧૩-૧૧,૨૧-૧૯ અને ૧૧-૭ ના ત્રણ સેટમાં સીધા હરાવી ચેમ્પિયનશિપ પોતાના દમ પર જીતી લીધી. ડિવિજનલ રેલ્વે મેનેજર શ્રી દિપક ઝાએ તમામ વિજેતાઓને શુભેચ્છા પાઠવી છે. વરિષ્ઠ મંડલ મિકેનિકલ એન્જિનિયર (કોઓર્ડિનેશન) શ્રી અભિષેક કુમાર સિંહ, શ્રી સાહિબજોત સિંહ અને શ્રી લોકેશ ટેબલ ટેનિસ પ્લેયર્સની દેખરેખ હેઠળ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય કલ્યાણ નિરીક્ષક શ્રી રાજેશ ઠાકુર અને શ્રીમતી ચારૂલતા ટુર્નામેન્ટના આયોજનમાં મહત્ત્વપૂર્ણ હતા.

# કાપડ મંત્રાલયે #Local4Diwali અભિયાન શરૂ કર્યું

**ભારતીય હસ્તકલા ઉત્પાદનો ખરીદવા તથા ભેટ કરીને દિવાળી ઉજવવા સૌને અપીલ કરી**




કમલમ દૈનિક,

હસ્તકલા એ ભારતના ગૌરવપૂર્ણ સાંસ્કૃતિક વારસાનું પ્રતીક છે અને દેશમાં આજીવિકાનો મહત્વપૂર્ણ સ્રોત છે. આ ક્ષેત્ર મહિલા સશક્તિકરણ માટે મહત્વનું છે કારણ કે તમામ હસ્તકલા કારીગરો અને સાથી કામદારોમાં ૫૫% મહિલાઓ છે. પ્રધાનમંત્રીએ વિનંતી કરી છે કે ભારતીય હસ્તકલાનો ઉપયોગ કરવાનો આપણો પ્રયાસ હોવો જોઈએ અને વધુમાં વધુ લોકો સાથે તેમના વિશે વાતચીત કરવી જોઈએ.

કાપડ મંત્રીએ બધાને અપીલ કરતા જણાવ્યું છે:

“૯ નવેમ્બરના રોજ પ્રધાનમંત્રીએ કરેલા આહ્વાનથી પ્રેરાઈને ચાલો આપણે સ્થાનિક કાપડ અને હસ્તકલાના વ્યવસાય માટે સમર્થન વ્યક્ત કરીએ. તે પછી માટીનો દીવો, દેશી કળા, ઘરની સજાવટની ચીજો જેવી કે પલંગની ચાદરો, પડદા અથવા હાથવણાટની ચીજો જે તમે તમારા નજીકના સંબંધી અને મિત્રોને ભેટ કરો છો તે બધું જ; આ દિવાળીમાં દરેક ખરીદી મહત્વની બનશે. વણકર, કારીગરો, સ્થાનિક અને નાના ઉદ્યોગો દ્વારા દિવાળીના વેચાણને પ્રોત્સાહિત કરવા માટે કૃપા કરીને તમારા ટ્વિટર, ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ પર શેર કરો અને હેશટેગ #Local4Diwali નો ઉપયોગ કરો. તમારી મનપસંદ વસ્તુની તસવીર લો - તે કપડાં હોય અથવા કોઈ હસ્તકલા ઉત્પાદન કે જે તમે દિવાળી માટે કોઈને ભેટ કરવા અથવા ઘરે ઉપયોગ કરવા માંગતા હોવ, જે વ્યક્તિ પાસેથી તમે ખરીદશો તેને #Local4Diwali સાથે ટેગ કરો. આ પડકારજનક સમયમાં આ વલણ દ્વારા વેચાણને ટેકો આપો; તમારો ટેકો જરૂરિયાતમંદ લોકો માટે ઘણી તકોને પુનર્જીવિત કરવામાં મદદ કરશે."

# મંત્રીમંડળે માળખાગત ક્ષેત્રમાં વાયાબિલિટી ગેપ ફંડિંગ VGF યોજનામાં સરકારી ખાનગી ભાગીદારીને નાણાકીય ટેકો આપવાની યોજનાને જાળવી રાખવાની અને એમાં સુધારાવધારા કરવાની મંજૂરી આપી




કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં આયોજિત આર્થિક બાબતો પરની મંત્રીમંડળીય સમિતિએ માળખાગત ક્ષેત્રમાં વાયાબિલિટી ગેપ ફંડિંગ (વીજીએફ) યોજનામાં સરકારી ખાનગી ભાગીદારી (પીપીપી)ને નાણાકીય ટેકો આપવા માટેની યોજનાને વર્ષ ૨૦૨૪-૨૫ સુધી જાળવી રાખવા અને એમાં સુધારાવધારા કરવાની મંજૂરી આપી છે. આ માટે ખર્ચની જોગવાઈ રૂ. ૮,૧૦૦ કરોડ કરવામાં આવી છે. આ સંશોધિત યોજના મુખ્યત્વે સામાજિક માળખાગત ક્ષેત્રમાં ખાનગી ભાગીદારીને મુખ્ય પ્રવાહમાં લાવવા માટેની બે પેટાયોજનાઓ પ્રસ્તુત કરવા સાથે સંબંધિત છે:

પેટાયોજના - ૧

આ નકામા પાણીનાં શુદ્ધિકરણ, પાણીનો પુરવઠો, ઘન કચરાનું વ્યવસ્થાપન, આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્ર વગેરે જેવા સામાજિક ક્ષેત્રો સાથે સંબંધિત છે. આ માટે વિવિધ પ્રોજેક્ટ બેંક મૂડીગત ખર્ચને સંપૂર્ણપણે કરવા માટે આવકનો નબળો પ્રવાહ અને નાણાં ઊભા કરવા જેવી સમસ્યાઓનો સામનો કરી રહ્યાં છે. આ કેટેગરી અંતર્ગત આવતા વિવિધ લાયક પ્રોજેક્ટ ખર્ચને સંપૂર્ણપણે બહાર કાઢવા સક્ષમ હોવા જોઈએ એટલે કે જેટલો ખર્ચ થયો હોય એટલી આવક કરવા સક્ષમ હોવા જોઈએ. કેન્દ્ર સરકાર પ્રોજેક્ટના કુલ પ્રોજેક્ટ ખર્ચ (ટીપીસી)નો મહત્તમ ૩૦ ટકા હિસ્સો વીજીએફ તરીકે પ્રદાન કરશે અને રાજ્ય સરકાર/પ્રાયોજિત કેન્દ્રીય મંત્રાલય/કાયદેસર સંસ્થા વધારાના ટેકા સ્વરૂપે ટીપીસીનો વધુ ૩૦ ટકા ટેકો પ્રદાન કરી શકે છે.

પેટાયોજના – ૨

આ પેટાયોજના સામાજિક ક્ષેત્રમાં પ્રાયોગિક ધોરણે હાથ ધરવામાં આવેલા પ્રોજેક્ટ/પ્રદર્શિત પ્રોજેક્ટને ટેકો આપશે. આ પ્રોજેક્ટ આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રોમાંથી હોઈ શકે છે, જેમાં ઓછામાં ઓછા ૫૦ ટકા ખર્ચની વસૂલાત થવી જોઈએ. આ પ્રકારના પ્રોજેક્ટમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર સંયુક્તપણે પ્રથમ પાંચ વર્ષ માટે ૮૦ ટકા મૂડીગત ખર્ચ અને ૫૦ ટકા સુધી કામગીરી અને રખરખાવ (O&M) ખર્ચ પ્રદાન કરશે. કેન્દ્ર સરકાર પ્રોજેક્ટના ટીપીસીનો મહત્તમ ૪૦ ટકા હિસ્સો પ્રદાન કરશે. ઉપરાંત આ વાણિજ્યિક ધોરણે કામગીરી શરૂ થયાના પ્રથમ પાંચ વર્ષમાં પ્રોજેક્ટના કાર્યકારી ખર્ચનો મહત્તમ ૨૫ ટકા કાર્યકારી ખર્ચ પ્રદાન કરી શકે છે. આ યોજના શરૂ થયા પછી અત્યાર સુધી કુલ રૂ. ૩૪,૨૨૮ કરોડના કુલ પ્રોજેક્ટ ખર્ચ ધરાવતા ૬૪ પ્રોજેક્ટને ‘અંતિમ મંજૂરી’ આપવામાં આવી છે અને આ માટે રૂ. ૫,૬૩૯ કરોડનું વીજીએફ મંજૂર કરવામાં આવ્યું છે. નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ના અંત સુધી રૂ. ૪,૩૭૫ કરોડનું વીજીએફ વહેંચવામાં આવ્યું છે.

આ યોજનાનો ઉદ્દેશ સામાજિક અને આર્થિક માળખામાં પીપીપીને પ્રોત્સાહન આપવાનો છે, જે અસરકારક રીતે અસ્કયામતોના સર્જન તરફ દોરી જશે અને તેમની ઉચિત કામગીરી અને રખરખાવને સુનિશ્ચિત કરશે તથા આર્થિક/સામાજિક આવશ્યક જરૂરિયાતો પૂર્ણ કરતાં પ્રોજેક્ટને વાણિજ્યિક ધોરણે વ્યવહારિક બનાવશે. આ યોજના વ્યાપક રીતે જનતા માટે લાભદાયક પુરવાર થશે, કારણ કે એનાથી દેશ માટે માળખાગત સુવિધાના સર્જનમાં મદદ મળશે. આ નવી યોજના મંત્રીમંડળની મંજૂરીના એક મહિનાની અંદર અમલમાં આવશે. નવસંશોધિત વીજીએફ અંતર્ગત સૂચિત સુધારાને યોજના માટેની માર્ગદર્શિકામાં અનુકૂળ રીતે સામેલ કરવામાં આવશે. નવસંશોધિત વીજીએફના પ્રોત્સાહન માટે તમામ પગલાં લેવામાં આવશે અને આ પ્રકારના પ્રોજેક્ટ પર નજર રાખવામાં આવશે. સૂચિત વીજીએફ

| નાણાકીય વર્ષ | આર્થિક માળખામાં પીપીપીને નાણાકીય ટેકો આપવા માટેની યોજના(રૂ. કરોડમાં) | સામાજિક માળખામાં પીપીપીને નાણાકીય ટેકો આપવા માટેની યોજના (રૂ. કરોડમાં) |
|---|---|---|
| ૨૦૨૦–૨૧ | ૧,૦૦૦ | ૪૦૦ |
| ૨૦૨૧–૨૨ | ૧,૧૦૦ | ૪૦૦ |
| ૨૦૨૨–૨૩ | ૧,૨૦૦ | ૪૦૦ |
| ૨૦૨૩–૨૪ | ૧,૩૦૦ | ૪૦૦ |
| ૨૦૨૪–૨૫ | ૧,૪૦૦ | ૫૦૦ |
| કુલ | ૬,૦૦૦ | ૨,૧૦૦ |

યોજનામાં સુધારાવધારા વધારે પીપીપી પ્રોજેક્ટને આકર્ષશે અને સામાજિક ક્ષેત્રો (આરોગ્ય, શિક્ષણ, નકામું પાણી, ઘન કચરાનું વ્યવસ્થાપન, પાણીનો પુરવઠો વગેરે)માં ખાનગી રોકાણ માટેનો માર્ગ મોકળો કરશે. નવી હોસ્પિટલો, શાળાઓ ઊભી કરવાથી રોજગારીની ઘણી તકો ઊભી થશે. નવસંશોધિત યોજનાને નાણાં મંત્રાલયના અંદાજપત્રીય ટેકામાંથી ભંડોળ આપવામાં આવશે. નાણાં મંત્રાલયના આર્થિક બાબતો સાથે સંબંધિત વિભાગે વર્ષ ૨૦૦૬માં “માળખાગત ક્ષેત્રમાં પીપીપીને નાણાકીય ટેકો આપવા માટેની યોજના” પ્રસ્તુત કરી હતી, જેનો આશય પીપીપી માધ્યમ દ્વારા હાથ ધરવામાં આવેલા માળખાગત પ્રોજેક્ટને ટેકો આપવાનો છે. આ એવા પ્રોજેક્ટ હોય છે, જેને આર્થિક દ્રષ્ટિએ વાજબી ઠેરવી શકાય છે, પણ એમાં મોટા પાયે મૂડીરોકાણની જરૂરિયાત હોવાથી વાણિજ્યિક ધોરણે અવ્યવહારિક હોય છે. વળી એમાં થયેલો ખર્ચ પરત મળવાનો સમયગાળો પણ બહુ લાંબો હોય છે અને વાણિજ્યિક સ્તરે વપરાશનો ચાર્જ વધારવો શક્ય હોતો નથી. એટલે વર્તમાન યોજના અંતર્ગત ભારત સરકાર અને પ્રાયોજિક સત્તામંડળ દ્વારા પ્રોજેક્ટના કુલ ખર્ચ (ટીપીસી)ના ૪૦ ટકા સુધી વીજીએફ સ્વરૂપે ટેકો આપવામાં આવે છે. આ નાણાકીય ટેકો પ્રોજેક્ટ નિર્માણના તબક્કામાં મૂડીસહાય સ્વરૂપે આપવામાં આવે છે (૨૦ ટકા ૨૦ ટકા).

# હળવદ ખાતે નવનિયુક્ત જિલ્લા ભાજપ પ્રમુખ અને ધારાસભ્ય નો સત્કાર સમારંભ યોજાયો

**સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં અત્યારથી જ કામે લાગી જવા જિલ્લા ભાજપ પ્રમુખ દુર્લભજી દેથરીયાએ કરી હાકલ**







કમલમ દૈનિક,
અંકીત રાવલ હળવદ

રાજયની આઠ બેઠકોની પેટા ચૂંટણીની સાથે મોરબી-માળીયાની બેઠક પર ભાજપના ઉમેદવારની જીત થઈ હતી. ત્યારે મોરબી - માળીયા બેઠક પર ભાજપના ઉમેદવારની જીત થઈ હતી. ત્યારે મોરબી - માળીયા તાલુકાના કાર્યકરોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. ત્યારે મોરબીની સાથો સાથ હળવદના કાર્યકરોનો ધારાસભ્ય બ્રિજેશ મેરજા અને જિલ્લા પ્રમુખ દુર્લભજીભાઈ દેથરીયાએ આભાર વ્યકત કર્યો હતો , હળવદ ખાતે જિલ્લાભાજપ પ્રમુખ અને ધારાસભ્ય નો સત્કાર સમારંભ યોજાયો, હળવદની હરિદર્શન હોટલ ખાતે મોરબી - માળીયાના ધારાસભ્ય બ્રિજેશ મેરજા અને મોરબી જિલ્લા ભાજપ પ્રમુખ દુર્લભજીભાઈ દેથરીયાએ નો સત્કાર સમારંભ યોજાયો.આ તકે હળવદ શહેર ભાજપ પ્રમુખ તથા આગેવાનો અને કાર્યકરોએ સાલ ઓઢાડી.ફુલહાર સાથે તેમનું સ્વાગત કર્યું હતુ. ઉપરાંત મોરબી જિલ્લા ભાજપ પ્રમુખ અને ધારાસભ્યએ હળવદના આગેવાનો અને કાર્યકરોને ચૂંટણી દરમિયાન કરેલી તનતોડ મહેનતને બિરદાવી હતી. તો સાથે જ જિલ્લા ભાજપ પ્રમુખે જણાવ્યું હતું કે, આગામી આવનારી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં કામે લાગી જવા હાકલ કરી હતી અને વધુમાં ઉમેર્યુ હતું કે,બુથને મજબુત બનાવવા હાકલ કરી હતી. આ તકે હળવદ શહેર ભાજપ પ્રમુખ અજયભાઈ રાવલ.બિપીનભાઈ દવે, રજનીભાઈ સંઘાણી, રણછોડભાઈ દલવાડી. અશ્વીનભાઈ કણઝરીયા, રણછોડ ભાઈ દલવાડી,સુખુભા ઝાલા, જયરામભાઈ સોનગ્રા, સતીષભાઈ પટેલ, રમેશભાઈ ભગત, હિતેશભાઈ લોરીયા, તપનભાઈદવે,નવીનભાઈમદ્રેશીયા, નરેન્દ્રસિંહ રાણા, વાલજીભાઈ સંઘાણી, મનસુખભાઈ એરવાડીયા સહિતનાઆગેવાનોઅનેકાર્યકરોમોટી સંખ્યા ઉપસ્થિત રહ્યા હતા.

# SCOપરિષદના સદસ્ય દેશોના વડાઓની ૨૦મી બેઠક યોજાઈ




કમલમ દૈનિક,

SCO પરિષદના સદસ્ય દેશોના વડાઓની ૨૦મી બેઠકનું ૧૦ નવેમ્બર ૨૦૨૦ના રોજ (વીડિયો કોન્ફરન્સિંગ ફોર્મેટથી) આયોજન કરવામાં આવ્યું હતું. રશિયાના રાષ્ટ્રપ્રમુખ શ્રી વ્લાદીમીર પુતિનની અધ્યક્ષતામાં આ બેઠક યોજાઈ હતી. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્ત્વ સંભાળ્યું હતું. અન્ય SCO સભ્ય દેશો વતી તેમના રાષ્ટ્રપતિ ઉપસ્થિત રહ્યાં હતા જ્યારે ભારત અને પાકિસ્તાનનું પ્રતિનિધિત્વ પ્રધાનમંત્રી સ્તરે કરવામાં આવ્યું હતું. અન્ય સહભાગીઓમાં SCO સચિવાલયના મહાસચિવ, SCO પ્રાદેશિક ત્રાસવાદ વિરોધી માળખાના કાર્યકારી નિદેશક, SCOના ચાર અવલોકનકર્તા (અફઘાનિસ્તાન, બેલારુસ, ઈરાન, મોંગોલિયા)ના રાષ્ટ્રપતિ સામેલ હતા. વર્ચ્યુઅલ માધ્યમથી SCOની આ પ્રથમ બેઠક યોજવામાં આવી હતી અને ૨૦૧૭માં ભારતે પૂર્ણ સભ્યપદ પ્રાપ્ત કર્યા પછી આ બેઠકમાં ત્રીજી વખત ભાગ લીધો હતો. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ SCO નેતાઓને આપેલા સંબોધન દરમિયાન અધ્યક્ષ વ્લાદીમીર પુતિનને કોવિડ-૧૯ મહામારીના કારણે સર્જાયેલા પડકારો અને અવરોધો વચ્ચે પણ આ બેઠકનું આયોજન કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. પ્રધાનમંત્રીએ પોતાના સંબોધનમાં, મહામારી પછીની સામાજિક અને આર્થિક અસરોથી પીડાઈ રહેલી દુનિયાની અપેક્ષાઓ સંતોષવા માટે સુધારેલા બહુપક્ષવાદની ખાસ જરૂરિયાત ઉભી થઈ હોવાની બાબત પર પ્રકાશ પાડ્યો હતો. ભારત ૧ જાન્યુઆરી ૨૦૨૧થી UNSCના એક અસ્થાયી સભ્ય તરીકે શરૂઆત કરીને, વૈશ્વિક સુશાસનમાં ઈચ્છિત પરિવર્તનો લાવવા માટે ‘સુધારેલા બહુપક્ષવાદની થીમ પર ધ્યાન કેન્દ્રિત કરશે. પ્રધાનમંત્રીએ પુનરુચ્ચાર કર્યો હતો કે ભારત પ્રાદેશિક શાંતિ, સુરક્ષા અને સમૃદ્ધિમાં તેમજ ત્રાસવાદ, દાણચોરી અથવા ગેરકાયદે હથિયારો, ડ્રગ્સ અને નાણાં ઉચાપત સામે અવાજ ઉઠાવવામાં દઢતાપૂર્વક માને છે.

તેમણે ઉલ્લેખ કર્યો હતો કે ભારતના બહાદુર જવાનોએ 50 UN શાંતિ મિશનોમાં ભાગ લીધો છે અને ભારતનો દવા ઉદ્યોગ મહામારીના સમય દરમિયાન ૧૫૦થી વધુ દેશોમાં આવશ્યક દવાઓનો પૂરવઠો પહોંચાડી રહ્યો છે. પ્રધાનમંત્રીએ SCO પ્રદેશ સાથે ભારતના પ્રબળ સાંસ્કૃતિક અને ઐતિહાસિક જોડાણનો ખાસ ઉલ્લેખ કર્યો હતો અને આંતરરાષ્ટ્રીય ઉત્તર- દક્ષિણ પરિવહન કોરિડોર, ચાબહાર બંદર અને અશ્ગાબત કરાર જેવી પહેલો દ્વારા ભારત આ પ્રદેશમાં કનેક્ટિવિટી પ્રબળ કરવા માટે કટિબદ્ધ હોવાની વાતનો પુનરુચ્ચાર કર્યો હતો. તેમણે ૨૦૨૧માં SCOની ૨૦મી વર્ષગાંઠને “SCO સંસ્કૃતિનું વર્ષ” તરીકે ઉજવવા માટે પૂર્ણ સમર્થન આપ્યું હતું અને આગામી વર્ષે ભારતીય રાષ્ટ્રીય સંગ્રહાલયના ઉપક્રમે ભારતમાં સહિયારા બૌદ્ધ હેરીટેજ પર પ્રથમ SCO પ્રદર્શન, SCO ફુડ ફેસ્ટિવલના આયોજન તેમજ દસ પ્રાદેશિક ભાષાઓના સાહિત્યના રશિયન અને ચીની ભાષામાં અનુવાદ જેવી ભારત દ્વારા પોતાની રીતે હાથ ધરવામાં આવેલી વિવિધ પહેલ વિશે વાત કરી હતી. પ્રધાનમંત્રીએ ૩૦ નવેમ્બર ૨૦૨૦ના રોજ SCO પરિષદના દેશોની સરકારોના વડાઓની યોજાનારી આગામી નિયમિત બેઠકના યજમાન થવા માટે પણ ભારતની તૈયારી દર્શાવી હતી. ભારતે SCOમાં આવિષ્કાર અને સ્ટાર્ટઅપ માટે એક વિશેષ કામગીરી સમૂહની રચના કરવા માટે અને પરંપરાગત ચિકિત્સા પર એક પેટા સમૂહ બનાવવા માટે પ્રસ્તાવ મૂક્યો હતો. તેમણે મહામારી પછીના સમયમાં “આત્મનિર્ભર ભારત” અંગે ભારતની દૂરંદેશી અંગે સમજાવ્યું હતું જે વૈશ્વિક અર્થતંત્રને અનેકગણો વેગ આપશે અને SCO પ્રદેશમાં આર્થિક પ્રગતિને આગળ વધારશે. પ્રધાનમંત્રીએ તાઝિકિસ્તાન પ્રજાસત્તાકના રાષ્ટ્રપતિ ઈમોમલી રહમોનને આગામી વર્ષે SCOનું અધ્યક્ષપદ સંભાળવા બદલ અભિનંદન પાઠવ્યા હતા અને ભારત તરફથી સંપૂર્ણ સહકાર આપવાની ખાતરી આપી હતી.

# ગુજરાત નવનિયુક્ત પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ ની મહેનત રંગ લાવી

## "ડાંગની જનતા નો ભવ્ય વિજય"





કમલમ દૈનિક, રિપોર્ટ-અમરનાથ જગતાપ ડાંગ

૧૭૩- ડાંગ વિધાનસભા પેટા ચૂંટણી પરિણામ જાહેર ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર વિજયભાઈ પટેલનો ૫૯,૪૭૫ મતે ભવ્ય વિજય ડાંગ-આહવા ખાતે વિજય નો વિજય રથ કાડવામાં આવ્યો. ડાંગ જિલ્લાના ખૂણે-ખૂણે થી B.J.P ના કાર્યકરો દ્વારા વિજય રથ કાડવામાં આવ્યો.લોકોના ચહેરા ઉપર મત અધિકારનો ઉપયોગ કરીને સાચા અર્થમાં B.J.P ને સાથ આપ્યો C.R.PATIL ની મહેનત આખરે રંગ લાવી તેઓ દ્વારા સૂચવવામાં આવેલ સૂચનો થકી કાર્યકર્તા ઓ દ્વારા તેઓના માર્ગદર્શન હેઠળ ભવ્ય વિજય આપવામાં માટેના પ્રયાસો સર કર્યા. સામાન્ય કાર્યકર્તા અને મતદારોની મહેનત રંગ લાવી B.J.P નો ભવ્ય વિજય અપાવીને ઈતિહાસ રચ્યો.

# પ્રધાનમંત્રી ૧૨ નવેમ્બર ૨૦૨૦ના રોજ જેએનયુ સંકુલમાં સ્વામી વિવેકાનંદની પ્રતિમાનું અનાવરણ કરશે




કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૧૨ નવેમ્બરના રોજ સાંજે ૬:૩૦ વાગ્યે જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીના સંકુલમાં સ્વામી વિવેકાનંદની આદમકદ પ્રતિમાનું વિડિયો કોન્ફરન્સના માધ્યમથી અનાવરણ કરશે. આ પ્રસંગે કેન્દ્રીય શિક્ષણ મંત્રી પણ ઉપસ્થિત રહેશે. સ્વામી વિવેકાનંદનું દર્શન અને મિશન આજે પણ દેશના યુવાનોને પ્રેરણા આપે છે અને ભારતને આવા મહાન વ્યક્તિત્વનું ગૌરવ છે કે જેમણે વિશ્વભરના લાખો લોકોને પ્રેરણા આપી છે.

પ્રધાનમંત્રીએ હંમેશા કહ્યું છે કે સ્વામી વિવેકાનંદના આદર્શો આજે પણ એટલા સુસંગત છે, જેટલા તે સ્વામીજીના જીવન દરમિયાન હતા.

પ્રધાનમંત્રીએ પોતે વારંવાર ભાર મૂક્યો છે કે જનતાની સેવા કરવી અને રાષ્ટ્રના યુવાનોને સશક્ત બનાવવું એ શારીરિક, માનસિક અને આધ્યાત્મિક તેમજ દેશની વૈશ્વિક છબીને વધારે છે. ભારતની સમૃદ્ધિ અને શક્તિ તેના લોકોમાં છે અને તેથી બધાને એકસાથે સશકત બનાવવા એ રાષ્ટ્રને આત્મનિર્ભર ભારતનું ગૌરવપૂર્ણ લક્ષ્ય હાંસલ કરવાની દિશામાં લઈ જશે.

# પ્રધાનમંત્રીએ મૌલાના આઝાદ અને આચાર્ય કૃપલાનીને તેમની જયંતિ નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પણ કરી




કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ મૌલાના આઝાદ અને આચાર્ય કૃપલાનીને તેમની જયંતિ નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે "મૌલાના આઝાદ અને આચાર્ય કૃપલાનીને રાષ્ટ્રની પ્રગતિમાં ઉત્કૃષ્ટ યોગદાન આપનારા અનુકરણીય દિગ્ગજો તરીકે યાદ કરવામાં આવે છે. તેઓએ પોતાને ગરીબ અને યુવાનોના જીવનને સશક્ત બનાવવા માટે સમર્પિત કર્યા. હું તેમની જયંતિ ઉપર તેમને નમન કરું છું. તેમના આદર્શો આપણને પ્રેરિત કરે છે.’’

# મહેસાણા જિલ્લા ભારતીય જનતા પાર્ટીના નવનિયુક્ત અધ્યક્ષ શ્રી જશુભાઈ એસ પટેલ જિલ્લા અધ્યક્ષ તરીકેનો પદભાર સંભાળશે.



કમલમ દૈનિક,

મહેસાણા જિલ્લા ભારતીય જનતા પાર્ટીના નવનિયુક્ત અધ્યક્ષ શ્રી જશુભાઈ એસ પટેલ (ઉમતાવાળા) તારીખ ૧૨/૧૧/૨૦૨૦ ને બપોરે ૨:૦૦ કલાકે શુભ મુહૂર્ત માં જિલ્લા અધ્યક્ષ તરીકેનો પદભાર સંભાળશે. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલ સાહેબની પ્રેરણાથી તારીખ૧૨/૧૧/૨૦૨૦ના રોજ ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી નિતીનભાઈ પટેલ સાહેબ તથા મહેસાણા જિલ્લા સંગઠન ના પ્રભારી જગદીશભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં મહેસાણા જિલ્લા ભારતીય જનતા પાર્ટીના નવનિયુક્ત અધ્યક્ષ શ્રી જશુભાઈ એસ પટેલ (ઉમતાવાળા) તારીખ ૧૨/૧૧/૨૦૨૦ ને ગુરુવાર ના રોજ બપોરે ૨:૦૦ કલાકે શુભ મુહૂર્ત માં જિલ્લા અધ્યક્ષ તરીકેનો પદભાર સંભાળશે જેમાં મહેસાણાના સાંસદ સભ્ય શ્રીમતી શારદાબેન પટેલ, રાજ્ય સભાના સાંસદ શ્રી જુગલજી ઠાકોર, ધારાસભ્યશ્રીઓ શ્રી રૂષિકેશભાઈ પટેલ(વિસનગર), રમણભાઈ પટેલ(વિજાપુર), આશાબેન પટેલ(ઉંઝા), કરશનભાઈ સોલંકી(કડી), અજમલજી ઠાકોર (ખેરાલુ), પૂર્વ ગૃહમંત્રી રજનીભાઈ પટેલ, ઉપસ્થિત રહેશે

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-PAVANPUTRA OFFSET G.I.D.C.,SECTOR-28GANDHINAGAR, GUJARAT- 382028 •Published at A-3, Plot no R-13, Tanishq complex, New greencity, Sector -26, Gandhinagar (gujarat) 382028